જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૩,૨૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૮૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૭૮૮/૨૦૨૩

**નરોડાઃ** જનકબહેન વા/ઓ હિંમતસિંહ વાઘેલા (ઉ.વ.૫૦) (રહે.ગરાસીયા વાસ સોરા પાસે સૈજપુર બોઘા કૃષ્ણનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે નરોડા ભાગોળ ત્રણ રસ્તાથી નરોડા દહેગામ રોડ વિમલ પાર્ક સોસાયટી સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ જનકબહેન વાઘેલાની નજર ચુકવી ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## અપમૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૭૮૯/૨૦૨૩

**શહેરકોટડાઃ** નરોડા રોડ મેમ્કો પારસીના ભઠ્ઠા ખાતે નવા મકાનની ચાલતી સાઇટ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા હીમતારામ ચૌથારામ જાટ (ઉ.વ.૨૯) (મુળ વતન. ગામ-ખારાપાર તા.ગીડા જી.બાડમેર રાજસ્થાન) તા.૨૯/૧૦/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નવી બનતી બીલ્ડીંગ ખાતે નીચે ઉભા હતા ત્યારે ઉપરથી પાઇપ તેઓના ઉપર પડતા માથાના ભાગે ઇજાઓ થતાં સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯૦/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** પવનકુમાર પ્રભુદાસ ચૌધરી (રહે. સી-ટાઇપ સરકારી વસાહત ગુરુકુળ રોડ) એ અગમ્ય કારણસર તા.30/૧૦/૨૦૨૩ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી ગિરવતસિંહ રામસિંહ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** નરેશભાઈ તેજાભાઈ સોમૈયા (ઉ.વ.૫૨) (રહે. ગાંધીનગર સોસાયટી ગોરધનપાર્ક પાસે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.30/૧૦/૨૦૨૩ કલાક ૧૨/00 વાગ્યા પહેલા રીઝર્વ બેંક પાછળ ગાંધીબ્રીજ નીચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** દિપકસિંહ હંસરાજસિંહ (ઉ.વ.૨૩) (રહે. ગણેશનગર નર્સરી વિસત પેટ્રોલ પંપ પાછળ વિસત ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.30/૧૦/૨૦૨૩ કલાક 00/30 થી 3/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે બાથરૂમમાં એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**નિકોલઃ** હાર્દિકભાઇ નટુભાઇ મકવાણા (ઉ.વ.૩૨) (રહે. વડવાળી ચાલી ચાંદેલ વાસ સિંગરવા) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૦/૨૦૨૩ બપોરના ૨/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી ગીતાબા અનિરૂધ્ધસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી